Re-Accredited
**Grade-A** by NAAC
(CGPA 3.05)

**Saurashtra University**

University Campus,
University Road,
**Rajkot - 360 005**
Ph.0281 - 2578501

## પરિપત્ર :-

અનુસૂચિત જાતિઓ માટેના રાષ્ટ્રીય પંચના માનનીય સભ્ય શ્રી રાજુભાઇ પરમારના અધ્યક્ષ સ્થાને તા.૦૭/૦૭/૨૦૧૬ને ગુરુવારના રોજ બપોરે ૨:૩૦ કલાકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટીના વિવિધ વિભાગના અધિકારીઓ, ગુજરાત રાજ્ય અનુસૂચિત જાતિ અધ્યાપક મંડળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અનુસૂચિત જાતિ અધ્યાપક મંડળના હોદ્દેદારો, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનો તથા સંલગ્ન કોલેજોના શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ, અનુસૂચિત જાતિના આગેવાનોની હાજરીમાં અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓ, સ્ટાફની વિવિધ રજૂઆતો, પ્રશ્નો અને તેના ઉકેલો સંદર્ભે બેઠક મળેલ હતી. જેની કાર્યવાહી નોંધ સંબંધિત સર્વે વિભાગોના અધિકારીશ્રીઓને આ સાથે સામેલ રાખી યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે. જેનો અમલ થવા તથા થયેલ કાર્યવાહીની જાણ એસ.સી.-એસ.ટી. સેલ વિભાગને થવા વિનંતી કરવામાં આવે છે.

બિડાણ :-
કાર્યવાહી નોંધ

કુલસચિવ

નં. એસ.સી.-એસ.ટી. સેલ/ ૩૦ /'૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ
તા.૧૧/૦૮/'૧૬

પ્રતિ,

૧) યુનિવર્સિટીના સર્વે વિભાગોના વડાઓ
૨) યુનિવર્સિટી સ્થિત વિવિધ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ
3) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.

નકલ સાદર રવાના :-

૧) માન. સભ્યશ્રી, શ્રી રાજુભાઇ પરમાર
અનુસૂચિત જાતિઓ માટેનું રાષ્ટ્રીય કમિશન,
નવી દિલ્હી

૨) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ

૩) માન. કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ

૪) ડાયરેકટરશ્રી,
અનુસૂચિત જાતિઓ માટેનું રાષ્ટ્રીય કમિશન,
અમદાવાદ

રાષ્ટ્રીય અનુસુચિત જાતી આયોગ, અમદાવાદનાં પત્ર ક્રમાંક:એનસીએસસી/એબીએડી/જી/૨૫/ એસએસડબલ્યુ-III/૨૦૧૬, તા.૦૪/૦૭/૨૦૧૬ અન્વયે રાષ્ટ્રીય અનુસુચિત જાતી આયોગના માન.સભ્યશ્રી રાજુભાઈ પરમારની ઉપસ્થિતીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ ખાતે તા.૦૭/૦૭/૨૦૧૬ ના રોજ બપોરે ૨:૩૦ કલાકે યોજયેલ સભાની કાર્યવાહી નોંધ.

..........................................................................................................................................

ઉપરોક્ત સભામાં આ સાથે સામેલ પત્રક -૧ અનુસારના અધ્યાપકશ્રીઓ / વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા.

સભાની શરૂઆતમાં રાષ્ટ્રીય અનુસુચિત જાતી આયોગના સભ્ય માન.શ્રી રાજુભાઈ પરમારનું યુનિવર્સિટી રજીસ્ટ્રાર, ગુજરાત રાજ્ય અનુસુચિત જાતી અધ્યાપક મંડળ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અનુસુચિત જાતી અધ્યાપક મંડળ દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ હતું. ત્યારબાદ ઉપસ્થિત અધ્યાપકશ્રીઓ/ વિદ્યાર્થીઓ દ્વારા નીચે મુજબની રજુઆતો કરવામાં આવેલ હતી.

(૧) યુ.જી.સી.ની ૨૦૦૬ની ગાઇડલાઇન અનુસાર યુનિવર્સિટિના વિવિધ સત્તામંડળોમાં એસ.સી./એસ.ટી. વર્ગને પ્રતિનિધિત્વ આપવા અંગે રજૂઆત કરવામાં આવેલ હતી.

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ડો. બાબા સાહેબ આંબેડકર ચેર હેઠળ વિવિધ પ્રવૃતિઓ યોજવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા ઉપર્યુક્ત ચેર માટે રૂા.૫,૦૦,૦૦૦/-નું અનુદાન ફાળવવામાં આવેલ છે.

(૩) રાજીવ ગાંધી નેશનલ ફેલોશીપ મેળવતા વિદ્યાર્થીઓને સહેલાઇથી સમયસર ફેલોશીપ મળી રહે તે માટે રજૂઆત કરવામાં આવી હતી.

(૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં વિવિધ પી.જી.અભ્યાસ ક્રમો તેમજ એમ.ફીલ., પીએચ.ડી.માં અનામત કેટેગરીનાં વિદ્યાર્થીઓને પ્રવેશમાં અન્યાય થતો હોવાની રજૂઆત કરવામાં આવેલ હતી.

(૫) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ટી.એન.રાવ કોલેજ તેમજ અન્ય કેટલીક સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતાં અનામત કેટેગરીનાં વિદ્યાર્થીઓ ફ્રીશીપ કાર્ડ રજૂ કરવા છતાં વધારાની ફી વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવામાં આવે છે. તેવી રજૂઆત વિદ્યાર્થી પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવેલ હતી.

(૬) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આચાર્યની ખાલી જગ્યા ઉપર ઇન્ચાર્જ આચાર્યની નિમણૂક વખતે સિનિઓરીટી ધ્યાને લેવાતી ન હોવાની રજૂઆત કરવામાં આવેલ હતી.

(૭) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પ્રોફેસર, એસો. પ્રોફેસર, આસી. પ્રોફેસરની જગ્યાઓમાં રોસ્ટરનો યોગ્ય અમલ કરવામાં આવતો નથી, તેમજ યુનિવર્સિટી દ્વારા કેટલાક ભવનોમાં યુનિવર્સિટીની સ્થાપનાકાળથી એકપણ અનામત કેટેગરીની જગ્યા ભરવામાં આવેલ ન હોવાની રજૂઆત કરવામાં આવેલ હતી.ઉપરાંત વખતોવખત યુનિવર્સિટી દ્વારા જાહેરાત આપી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હોવા છતાં અનામત કેટેગરીની જગ્યાઓ ન ભરાવા અંગે પણ રજૂઆત કરવામાં આવેલ હતી.

(૮) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં વિવિધ ભવનોમાં એડહોક ધોરણે થતી અધ્યાપકોની નિમણૂક દર વર્ષે કરવા તથા તેમાં અનામતની જોગવાઇઓનો અમલ કરવા રજૂઆત કરવામાં આવેલ હતી.

ઉપરોક્ત રજૂઆતો અને ચર્ચાઓ બાદ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના માન.સભ્યશ્રી રાજુભાઇ પરમારએ નીચે મુજબના મુદ્દાઓ અને સૂચનો કરેલ.

(૧) યુ.જી.સી.ની ગાઇડલાઇન અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સત્તામંડળોમાં એસ.સી.-એસ.ટી. વર્ગનાં સભ્યોને પ્રતિનિધિત્વ આપવા બાબતે ગુજરાત યુનિવર્સિટી દ્વારા જે પ્રક્રિયા/ કાર્યવાહી કરવામાં આવેલ છે તે મુજબ પ્રક્રિયા/કાર્યવાહી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પણ હાથ ધરવી.

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ડો. બાબા સાહેબ આંબેડકર ચેર માટે ચેર પર્સનની સત્વરે નિમણૂક કરી ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીનું વર્ષ હોય, આ ચેર હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાય તેવું આયોજન કરવું.

(૩) અનામત વર્ગોનાં વિદ્યાર્થીઓને મળતી વિવિધ સ્કોલરશીપ/ફેલોશીપ સરળતાથી મળી રહે તેવું યુનિવર્સિટીનાં વહીવટીતંત્રએ સુનિશ્ચિત કરવું.

(૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ભવનોમાં પી.જી. અભ્યાસક્રમો તેમજ એમ.ફીલ.,પીએચ.ડી.નાં પ્રવેશમાં અનામતનું પ્રમાણ જળવાય તેની તકેદારી રાખવી.

(૫) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતાં ફ્રીશીપ કાર્ડ ધરાવતાં વિદ્યાર્થીઓ પાસેથી વધારાની કોઈ ફી વસૂલવામાં ન આવે તેની સંલગ્ન કોલેજોને તાકીદ કરવી.

(૬) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં કરવામાં આવતી એડહોક વ્યાખ્યાતાની નિમણૂક દર વર્ષે કરવી અને તેમાં અનામતની જોગવાઇઓનું પાલન કરવું.

(૭) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની અનામત કેટેગરીની ખાલી જગ્યાઓ ભરવા સત્વરે કાર્યવાહી કરવી. ઉપરાંત યુનિવર્સિટી દ્વારા હાલમાં નિભાવવામાં આવેલ અને રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નાયબ સચિવશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલા રોસ્ટર રજીસ્ટરો આયોગના પ્રતિનિધિઓને સાથે રાખી રીવ્યુ કરવા અને જરૂર જણાય તો રાજ્ય સરકારના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પ્રતિનિધિઓને સાથે રાખી રોસ્ટર રજીસ્ટરો રીવ્યુ કરવા.

(૮) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં એસ.સી.-એસ.ટી. સેલની સ્થાપના કરવા તેમજ તેનાં લાયઝનીંગ ઓફીસર અને સેલના સભ્યોની વિગતો યુનિવર્સિટીને મોકલવા માટે પરિપત્ર કરવો.

(૯) એસ.સી.-એસ.ટી. સેલમાં લાયઝન ઓફીસર તરીકે એસ.સી.-એસ.ટી. કેટેગરીનાં અધિકારીશ્રીની નિમણૂક કરવી.

સભાના અંતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અનુસુચિત જાતી અધ્યાપક મંડળના મંત્રી ડો.યોગેશભાઈ જોગસણ દ્વારા શ્રી રાજુભાઈ પરમારનો આભાર માની સભાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હતી.

11-7-2016 | | | 11/7/16
--- | --- | --- | ---
આસીસ્ટન્ટ | વિભાગીય અધિકારી | આયોજન અને વિકાસ અધિકારી (એસ.સી.એસ.ટી.સેલ) | મુખ્ય હિસાબી અધિકારી (મહેકમ-અ અને બ વિભાગ)

11/7/16

કુલસચિવ | કુલપતિ

2 C:\Users\SC-ST CELL\Desktop\National Commission.doc

6487